# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

## ૧૯મો વાર્ષિક પદવીદાન સમારંભ

**નવસારી કૃષિ યુનિવર્સિટીનો ૧૯મો વાર્ષિક પદવીદાન સમારંભ બુધવાર, તા.૦૩/૦૧/૨૦૨૪ના રોજ નવસારી ખાતે યોજાનાર છે.** આ સમારંભમાં આ યુનિવર્સિટી હસ્તકની તમામ મહાવિદ્યાલયોમાં લેવાયેલ પદવીની અંતિમ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના પદવી મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

અરજી ફોર્મ વેબસાઇટ nau.in પર તા. **૨૮/૧૧/૨૦૨૩ થી ઓનલાઈન ભરવાનું શરૂ થશે. સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના રજીસ્ટ્રેશન નંબરનો ઉપયોગ કરી તા. ૧૨/૧૨/૨૦૨૩ સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.** અરજી ફોર્મની પ્રિન્ટ કાઢી સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ટ્રાન્સ્ક્રીપ્ટ તથા અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ નોટીફીકેશનની સ્વપ્રમાણિત નકલ ઓનલાઈન કરેલ અરજીના પ્રિન્ટ ફોર્મ સાથે જોડાણ કરી સંપૂર્ણ વિગતો ભરેલ અરજી ફોર્મ, શૈક્ષણિક દસ્તાવેજો **તા.૧૬/૧૨/૨૦૨૩ સુધીમાં કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને હાર્ડ કોપીમાં મોકલી આપવાનું રહેશે.** ત્યારબાદ મળેલ અરજી સ્વીકારવામાં આવશે નહીં. નિયત ફી સમારંભમાં હાજર રહી પદવી મેળવવા માટે રૂા.૫૦૦/- અને ગેરહાજર માટે રૂા.૧૦૦૦/- ફી ની રકમ HDFC બેંકમાં ઓનલાઈન ભરવાની રહેશે.

**અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ કે જેઓનું નોટીફિકેશન ૧૧/૧૨/૨૦૨૩ કે તે પહેલાં જેમનું પક્કાબાઉન્ડ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ જ અરજી કરવાની રહેશે.**

સ્થળ : નવસારી
તારીખ : ૧૭/૧૧/૨૦૨૩

**(એચ. વી. પંડ્યા)**
**કુલસચિવ**